સુરતમાં પ્રથમવાર સ્ટડેડ ડાયમંડ જ્વેલરી માટે બાયર - સેલર મીટ યોજાઈ

GJEPC દ્વારા પ્રથમવાર અનોખી પહેલ કરવામાં આવી

સુરતઃ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા સુરતમાં તા. 13 અને 14 એપ્રિલ, 2026 દરમિયાન વિશિષ્ટ બાયર સેલર મીટનું આયોજન કરાયું હતું. આ અંગે તા.12મી એપ્રિલના રોજ બેઠકમાં નેચરલ તેમજ લેબ-ગ્રોન બંને સેગમેન્ટના ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 16 ભારતીય એક્ઝિબિટર્સ અને 17 વિદેશી ખરીદદારોની હાજરી આપી હતી. એમાં રશિયા, અમેરિકા, બ્રાઝિલ, બલ્ગેરિયા, કોલંબિયા અને પોલેન્ડ જેવા દેશોના 17 આંતરરાષ્ટ્રીય ખરીદદારો જોડાયા હતા. ખાસ કરીને રશિયાથી સૌથી વધુ 7 કંપનીઓ જોડાઈ હતી.

પ્રિવ્યૂ ડે દરમિયાન ખાસ રીતે તૈયાર કરાયેલા શોકેસ બૂથ દ્વારા ખરીદદારોને પ્રોડક્ટ્સ સાથે નજીકથી પરિચય મળ્યો. પરંતુ ઈવેન્ટનું મુખ્ય આકર્ષણ ફેક્ટરી વિઝિટ રહ્યું, જેમાં ખરીદદારોને સુરતની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ક્ષમતાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો. 16 ફેક્ટરીઓની મુલાકાત કરાવવામાં આવી હતી. આ મીટમાં બ્રાઝિલ, બલ્ગેરિયા, કોલમ્બિયા, પોલેન્ડ, રશિયા અને અમેરિકાથી આવેલા 17 આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ભાગ લીધો હતો. GJEPCના રિજનલ ચેરમેન જયંતી સાવલિયા દ્વારા સ્વાગત પ્રવચનમાં સુરતની વૈશ્વિક ડાયમંડ પ્રોસેસિંગ ક્ષમતાને ઉજાગર કરવામાં આવી, જ્યારે ઈન્ટરનેશનલ એક્ઝિબિશન કન્વીનર વિજય માંગુટિયા દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોના સકારાત્મક વેપાર પ્રભાવ અંગે માહિતી આપવામાં આવી હતી.

વોર્ડ-18ના કોંગ્રેસના ઉમેદવારની 'નાદારી'થી સાથી ઉમેદવાર રડી

માતાએ આક્રોશ સાથે કહ્યું: 'સામેવાળા પાસે પૈસા છે એટલે આજે આ ખેલ ખેલાયો છે, શું મારી પોરી વગર પૈસાની છે એટલે તેની સાથે આવું કર્યું?'

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે વોર્ડ નં.18 (લિંબાયત-પરવટ કુંભારિયા) માં કોંગ્રેસના ઉમેદવાર સંજય રામાધર રામાનંદીએ છેલ્લી ઘડીએ ફોર્મ પાછું ખેંચી લેતાં સાથી મહિલા ઉમેદવારની મહિલાએ રડતા રડતા સંજય રામાનંદી પર આક્ષેપ કર્યો હોવાનો વિડીયો વાયરલ થયો છે. તેમણે જાહેરમાં હૃદયદ્રાવક આક્રોશ ઠાલવતા સંજય રામાનંદી પર ગંભીર આક્ષેપો કર્યા હતા. માતાએ નિસાસા નાંખતા કહ્યું હતું કે, મેં આ માણસ માટે કેટલી મહેનત કરી હતી. અગાઉ લોકસભાની ચૂંટણી વખતે મેં તેની ઈજ્જત રાખેલી અને તેના માટે દેવ-દેરા કરી કરીને હું મરી ગઈ, પણ આજે એણે જ મારી દીકરીની મહેનત પર પાણી ફેરવી તેને રડાવતી કરી દીધી છે. મધ્યમવર્ગીય યુવા ઉમેદવારો જ્યારે રાજકારણમાં પોતાની જગ્યા બનાવવા માંગે છે ત્યારે સાથી ઉમેદવારો દ્વારા જ થતા આવા 'પૈસાના ખેલ' તેમની આખી કારકિર્દી ખતમ કરી નાંખે છે તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. માતાએ સોદાબાજી અને ભ્રષ્ટાચારના આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સામેવાળા પાસે પૈસા છે એટલે આજે આ ખેલ ખેલાયો છે, શું મારી પોરી વગર પૈસાની છે એટલે તેની સાથે આવું કર્યું?

મારી જુબાન ખોલાવતા નહીં , નહીંતર 7 પેઢીનાં મૂળિયાં કાઢી નાંખીશ: સંજય રામાનંદી

સંજય રામાનંદી પર આક્ષેપો થતાં તેઓએ પોતાનો એક વિડીયો બનાવી તેમાં જણાવ્યું હતું કે, લોકો તેમને ખોટી રીતે ચીતરી રહ્યા છે. તેઓએ અમુક કારણોસર ફોર્મ પરત ખેંચી લીધું છે. તેમના પર આક્ષેપો કરવાવાળાઓને તેમણે ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું હતું કે, મને ખોટી રીતે ચીતરવાની કોશિશ નહીં કરતાં, મારી જુબાન ખોલાવશો નહીં, નહીંતર 7 પેઢીનાં મૂળિયાં કાઢી નાંખીશ.

પ્રચાર માટે જતાં ભાજપના ઉમેદવારો સામે જનતાનો 'જ્વાળામુખી'

વોર્ડ નં.7, 24 અને 28માં ભાજપના ઉમેદવારોને લોકોએ સવાલો પૂછતાં જવાબ આપતાં ગેંગેંફેંફેં થઈ ગયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં આ વખતે ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં જ નેતાઓને ભારે ફજેતીનો સામનો કરવો પડી રહ્યો છે. વિકાસની વાતો લઈને નીકળેલા ઉમેદવારો જ્યારે મત માંગવા જઈ રહ્યા છે, ત્યારે જાગૃત જનતા તેમને ગત ટર્મનાં અધૂરાં કામો અને પાયાની સમસ્યાઓ અંગે આકરા સવાલો કરી રહી છે.

વોર્ડ નં.28માં પ્રચાર કરવા ગયેલા ભાજપના નેતાઓને સવાલ કરાતાં કાર્યકર્તા ગુંડાગીરી પર ઊતરી આવ્યા

ઉધના વિસ્તારના વોર્ડ નં.28માં ભાજપના ઉમેદવારો વિનોદ પટેલ અને શરદ પટેલ જ્યારે સોસાયટીમાં પ્રચાર કરવા પહોંચ્યા ત્યારે રસ્તાઓ પર ગંદું ડ્રેનેજ મિશ્રિત પાણી વહી રહ્યું હતું. આ ગંદકી જોઈને એક સ્થાનિક રહીશે પોતાનો રોષ ઠાલવતા મોબાઈલમાં વિડીયો બનાવવાનું શરૂ કર્યું હતું. વિડીયોમાં રહીશે રોકડું પરખાવ્યું કે, 5 વર્ષ પછી વોટ માંગવા આવેલા આ લોકો ભ્રષ્ટાચારી છે, અમને પૂછો કે આ ગંદા પાણીમાં અમે કેવી રીતે રહીએ છીએ? આ સાંભળી ભાજપના ઉમેદવારો અને તેમના સમર્થકો પિત્તો ગુમાવી બેઠા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે ઉમેદવારો સાથે આવેલા કાર્યકર્તાઓએ સ્થાનિક રહીશ સાથે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી અને હાથાપાઈ કરી હતી. ભાજપના કાર્યકરોની આ 'ગુંડા' જેવી હરકતનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભાજપની શિસ્તના ધજાગરા ઊડ્યા છે.

વોર્ડ નં.24: મહિલાઓએ 30 વર્ષની સત્તાનો હિસાબ માંગ્યો

ઉધના દક્ષિણના વોર્ડ નં.24માં આવતી કૈલાસનગર સોસાયટીમાં નેતાઓ હજુ તો પોતાની સિદ્ધિઓ ગણાવવાની શરૂઆત કરે તે પહેલા જ સોસાયટીની મહિલાઓએ તેમને ઘેરી લીધા હતા. મહિલાઓએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, જો છેલ્લા 30 વર્ષમાં સાચું કામ કર્યું હોત તો આજે ઘરે-ઘરે આવવાની જરૂર ન પડત. સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો કે નેતાઓ માત્ર પોતાનો જ 'સ્વ-વિકાસ' કરી રહ્યા છે, જ્યારે પ્રજા પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ માટે વર્ષોથી વલખાં મારી રહી છે. મહિલાઓના ઉગ્ર તેવર સામે નેતાઓ પાસે કોઈ જવાબ નહોતો અને તેમણે ત્યાંથી નીકળી જવામાં જ ભલાઈ સમજી હતી.

વોર્ડ નંબર 7: રઘુ ખૂંટ સામે સતત બીજા દિવસે વિરોધનો વંટોળ

કતારગામ-વેડ વિસ્તારના વોર્ડ નં.7માં ભાજપના ઉમેદવાર રઘુ ખૂંટને સતત બીજા દિવસે કડવા અનુભવો થયા છે. શંકરનગર સોસાયટીમાં જ્યારે તેઓ પ્રચાર માટે પહોંચ્યા ત્યારે રહીશોએ રસ્તાની નબળી હાલત અને દબાણના મુદ્દે તેમનો ઉધડો લીધો હતો. સ્થાનિકોએ સવાલ કર્યો કે, તમે જે રસ્તેથી આવ્યા તે જોયો છે? દીવાલો બહાર આવી ગઈ છે. છતાં તમને દેખાતું નથી? જ્યારે નેતાઓ સવાલોના ડરથી આગળ ચાલવા લાગ્યા ત્યારે રહીશોએ પીછો કરીને પૂછ્યું હતું કે કેમ ભાગો છો?.

વોર્ડ નં.29ના ભાજપના ઉમેદવાર સુધા પાંડેની ડિગ્રીનો વિવાદ વકર્યો

એમએ પહેલા બીએ કર્યું બતાવ્યું છતાં મંજૂર થયેલા ફોર્મને કારણે ચૂંટણી પંચની કામગીરી સામે પ્રશ્નાર્થ

એફિડેવિટમાં ટાઈપિંગ એરર હોવાનો ઉમેદવાર સુધા પાંડેનો ખુલાસો

સુરત : ભાજપના વોર્ડ નં.29ના મહિલા ઉમેદવાર સુધા પાંડેની ઉમેદવારી ફોર્મમાં ડિગ્રીનો વિવાદ થયો છે.

તેમના દ્વારા ઉમેદવારી પત્રક ભરતી વખતે સુધા યાદવે પોતાના અભ્યાસ અંગે જે એફિડેવિટ રજુ કરી છે તેમાં તેઓએ 1990માં મધ્ય પ્રદેશનાં ભોપાલ ખાતેથી ધોરણ 12નો અભ્યાસ ક્રમ પુર્ણ કર્યો હતો અને ત્યારબાદ 1997માં મધ્ય પ્રદેશની જ રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલયથી બી.એ.ની ડિગ્રી મેળવી હતી. જો કે, 1997માં બીએની ડિગ્રી મેળવ્યા પહેલાં જ તેઓએ 1996માં આ જ કોલેજમાંથી એમ.એ.ની ડિગ્રી મેળવી હોવાનું જણાવ્યું છે. જેને પગલે સુધા પાંડેની એફિડેવિટ સામે પ્રશ્ન ઉઠવા પામ્યા છે.

એફિડેવિટને કારણે ચૂંટણી પંચ વિરૂદ્ધ પણ આક્ષેપોનો દૌર શરૂ થઈ જવા પામ્યો છે. સોશિયલ મીડિયામાં ચાલી રહેલી ચર્ચા મુજબ ચુંટણી અધિકારીઓ સામાન્ય ભુલમાં પણ ઉમેદવારોનાં ફોર્મ રદ્દ કરી દેતાં હોય છે ત્યારે સુધા પાંડેની એફિડેવિટમાં આટલી મોટી ગંભીર ક્ષતિ હોવા છતાં તેમનાં ફોર્મ ચકાસણીમાં આંખ આડા કાન કરવામાં આવ્યા હોય તેમ નજરે પડી રહ્યું છે.

જો કે, આ સમગ્ર પ્રકરણમાં ભાજપનાં મહિલા ઉમેદવાર સુધા પાંડે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેઓની ડિગ્રી અંગે કોઈ વિવાદ નથી. તેઓએ મધ્ય પ્રદેશની જ રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલયમાં સને 1997માં બીએની ડિગ્રી મેળવી હતી અને ત્યારબાદ 1999માં એમએની ડિગ્રી મેળવી છે. અલબત્ત, એફિડેવિટ ટાઈપ કરતી વખતે ભુલથી 1999ની જગ્યાએ 1996 ટાઈપ થઈ જવાને કારણે આ સમગ્ર વિવાદ ઉઠવા પામ્યો હોવાનો હાસ્યાસ્પદ ખુલાસો કર્યો હતો.

ભેંસાણ ચોકડી પાસે ચાલુ કારમાં આગ લાગી, ચાલકનો બચાવ

શોર્ટ સર્કિટને કારણે આગ લાગી, કાર ખાખ થઈ ગઈ, ફાયરે દોડી જઈને આગને કાબૂમાં લીધી

સુરતઃ સુરત શહેરના હજીરા મેઈન રોડ પર મોડી રાત્રે અચાનક જ એક કારમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગતા કાર સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો કરી આગને કાબૂમાં લીધી હતી. જોકે ત્યાં સુધીમાં કાર સંપૂર્ણ બળી ગઈ હતી. જ્યારે ચાલકનો આબાદ બચાવ થયો હતો.

બનાવની વિગત એવી છે કે હજીરા મેઈન રોડ પર ઈચ્છાપોર ચોકડી તરફ જતાં ભેંસાણ ચોકડી પાસે મોડી રાત્રે 2:30 વાગ્યાના અરસામાં એક જીજે ૦૧ આરઝેડ ૮૦૬૮ નંબરની સ્કોડા કાર લઈને સુરેશભાઈ મીર પસાર થઈ રહ્યા હતા. આ સમયે અચાનક જ કારમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી.

ગણતરી મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. બનાવની જાણ પોતાની સાથે જ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ વિભાગ દ્વારા પાલનપુર ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. ફાયર ઓફિસર ધવલ મોહિતે અને તેમની ટીમે તાત્કાલિક પાણીનો વારો કરી આગને કાબૂમાં લીધી હતી. જોકે કારચાલકનો આબાદ બચાવ થયો હતો. જ્યારે આગમાં કાર સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી.

સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

વોર્ડ નંબરઃ 17 પુણા (પૂર્વ)

પાસના ખુલ્લા સમર્થનથી આ વોર્ડમાં આપની પેનલ જીતી હતી

વોર્ડ નંબર 17 એ 'પુણા (પશ્ચિમ)'ની જેમ જ પાટીદાર ફેક્ટર અને 'આપ'ના વર્ચસ્વનો સાક્ષી રહ્યો છે.વર્ષ 2015માં કોંગ્રેસે પાટીદારોની મદદથી ભાજપો ગઢ જમીનદોસ્ત કર્યા બાદ વર્ષ 2021ની ચૂંટણીમાં અહીં જે પરિણામો આવ્યા તેણે ભાજપના પાયા હચમચાવી દીધા હતા. આ વિસ્તારમાં ભાજપના નેતાઓ માટે પગ મુકવો પણ જોખમી બની ગયું હતું. 'પાસ' ના ખુલ્લા સમર્થનને કારણે અહીં 'આપ' ની પેનલ મોટી લીડથી જીતી હતી.

જોકે, આપમાંથી જીત્યા બાદ અમુક કોર્પોરેટરોએ કેસરીયો ધારણ કરતા ભાજપે થોડા રાહતનો શ્વાસ લીધો છે. વર્ષ 2021માં અહીથી આપના રચના હીરપરા, સ્વાતિ ઢોલરીયા, વિપુલ સુહાગીયા, ધર્મેશ ભંડેરી જીત્યા હતા. આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 1,62,569 મતો મળ્યા હતા. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 48,538 મતો મળ્યા હતા. આમ અહી આમ આદમી પાર્ટીને 1,14,031 મતોની અધધ લીડ મળી હતી ભાજપની અહી ડિપોઝીટ પણ ડુલ થઈ હતી 2021માં અહી 1,23,224 મતદારો અને 124 બુથો હતા એસઆરઆઈ બાદ હવે 90,434 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 88 છે. જેને પગલે મતદારો ઘટતાં નવા સમીકરણો ઉભા થાય તેમ છે.

જાતિગત સમીકરણ

- **પાટીદાર વર્ચસ્વઃ** વોર્ડ નંબર 17 માં 85% થી 90% વસ્તી સૌરાષ્ટ્રવાસી પાટીદારોની છે. આ વિસ્તાર પાટીદાર આંદોલનનુ એપી સેન્ટર હતો.
- **વ્યવસાયઃ** અહીંના મોટાભાગના લોકો હીરા ઉદ્યોગ અને કાપડ બજાર (ટેક્સટાઈલ) સાથે જોડાયેલા છે. મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના શિક્ષિત મતદારોની સંખ્યા અહીં વધુ છે.
- **અન્ય જ્ઞાતિઓઃ** પાટીદારો સિવાય અહીં ઓબીસી સમાજમાં પ્રજાપતિ, લુહાર સહીતના સમાજો તેમજ મહારાષ્ટ્રીય સમાજની પણ હાજરી છે, જેમના મતો જીત-હારના માર્જિનમાં અસર કરે છે.

મુખ્ય સમસ્યાઓ અને પ્રશ્નો

- **ટ્રાફિકની સમસ્યાઃ** પુણા પૂર્વ વિસ્તારમાં ખાસ કરીને પર્વત પાટિયા અને સીતાનગરના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક અને ગેરકાયદે પાર્કિંગની મોટી સમસ્યા છે.
- **ખાડીની દુર્ગંધઃ** આ વોર્ડમાં પસાર થતી ખાડીની સફાઈ અને તેની આસપાસના દુર્ગંધના પ્રશ્નો વર્ષો જૂના છે.
- **પાણી અને ડ્રેનેજઃ** વિસ્તારના કેટલાક છેવાડાના વિસ્તારોમાં પાણીના ઓછા પ્રેશર અને જૂની ગટર લાઈનો ચોક-અપ થવાની ફરિયાદો રહે છે.
- **બીઆરટીએસ અને ટ્રાન્સપોર્ટઃ** આ વિસ્તારમાં બીઆરટીસ કોરિડોર હોવા છતાં પીક અવર્સમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય છે.

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 48,943
સ્ત્રી મતદારોઃ 41,490
કુલ મતદારોઃ 90,434

ભૌગોલિક સ્થિતિ

સીમાડા વિસ્તારમાં સીમાડા ખાડીથી બીઆરટીએસ કેનાલ રોડ ખાડી થઇ પશ્ચિમમાં કારગીલ ચોક, સરીતા અને રૂક્ષમણી સોસાયટી વાળો રોડ, કારગીલચોકથી ખોડીયાર નગર અને લક્ષ્મણા નગર ,ુધી ગુલાબબા ચોક ત્યાથી થી પર્વ બાજુ કલ્યાનગર પુણા ગામ વડલા સુધી ત્યાથી તીરૂપતી, સંગના રો હાઉસ યોગી ચોક, કીરણ ચોક, શીવ દર્શન માનસરોવર અને પ્રમુખ પાર્ક અને છાયા શ્યામ ધામ ખાડી બ્રીજ સુધીનો વિસ્તાર



'આપ'માંથી ઉમેદવારી કરનારા ભાજપનાં શમિષ્ઠા વરીયા, ધુમિલ પંચાલ સસ્પેન્ડ

ટિકિટ વહેંચણીમાં અન્યાયના આક્ષેપ સાથે પક્ષ પલટો કર્યો હતો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે ભાજપના બે પાયાના નેતાઓએ પક્ષ સાથે છેડો ફાડી આમ આદમી પાર્ટીનો હાથ પકડતા શહેરના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વોર્ડ નંબર 1 ના શહેર કારોબારી સભ્ય શર્મિષ્ઠાબેન વરીયા અને વોર્ડ નંબર 30 ના યુવા મોરચાના મંત્રી ધુમિલ પંચાલ લાંબા સમયથી ભાજપ સાથે જોડાયેલા હતા, પરંતુ ટિકિટ વહેંચણીમાં અન્યાયની લાગણી અનુભવતા તેઓએ રાતોરાત પક્ષ પલટો કર્યો હતો.

આ બંને નેતાઓ હવે આમ આદમી પાર્ટીના સત્તાવાર ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે, જેમાં શર્મિષ્ઠાબેન વોર્ડ નંબર 1 થી અને ધુમિલ પંચાલ વોર્ડ નંબર 29 થી ઉમેદવારી કરી રહ્યા છે. પક્ષ વિરુદ્ધ જઈને અન્ય પક્ષમાંથી ચૂંટણી લડવાના નિર્ણયને પગલે સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલે શિસ્તભંગના ગંભીર પગલાં ભરી આ બંને કાર્યકર્તાઓને પક્ષના પ્રાથમિક અને સક્રિય સભ્યપદ સહિત તમામ જવાબદારીઓ પરથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. જો કે શર્મિષ્ઠાબેન વરીયાએ ગત 10 એપ્રિલના રોજ જ ભાજપમાંથી વિધિવત રીતે રાજીનામું આપી દીધું હોવાનો દાવો કર્યો છે.

સરથાણા અને ડુમસમાં પણ ભાજપના ઉમેદવારોનો વિરોધ

મીટિંગમાં આવતા નથી અને મત લેવા માટે આવી ગયા, રહીશોનો વિડીયો વાઈરલ

સુરતઃ વોર્ડ નં.૩ (વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા) માં પ્રચાર કરવા માટે ગયેલા ભાજપના ઉમેદવારોને પણ લોકોએ ઘેરાવો કરી લીધો હતો. રોડ-રસ્તા તૂટી ગયા છે. સ્કૂલ્સમાં એડમિશન લેવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો હતો. ભાજપના કાર્યકર્તાઓ શુક્રવારે મોડી રાત્રે પ્રચાર માટે મગદલ્લા ગામમાં ગયા હતા. દરમિયાન સ્થાનિક રહીશોએ કામ થતું ન હોવાની ફરિયાદ કરીને ભાજપના કાર્યકર્તાઓનો ઘેરાવો કરી લીધો હતો. મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ જતાં હોબાળો મચી ગયો હતો. મિટિંગમાં ભાજપના કોર્પોરેટરો આવતા નથી અને મત લેવા માટે આજે તમે આવી ગયા હોવાનો આક્ષેપ રહીશો દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રાજકારણ ગરમાયું હતું. ઠેર ઠેર ભાજપના ઉમેદવારોનો વિરોધ થતાં આ વખતની ચૂંટણીમાં નવાજૂની થવાનાં એંધાણ જોવા મળી રહ્યાં છે.

વોર્ડ નંબર 18 (લિંબાયત-પરવટ-કુંભારીયા)

વોર્ડમાં છે ગુજરાતી , રાજસ્થાની , મરાઠી , ઉત્તર ભારતીયનું મિશ્રણ

સુરતઃ લિંબાયત, પરવટ અને કુંભારીયાને આવરી લેતો આ વોર્ડ ભૌગોલિક દૃષ્ટિએ ખૂબ જ વ્યાપ ધરાવે છે અને જનસંખ્યાની દૃષ્ટિએ અત્યંત ગીચતા ધરાવતો વિસ્તાર છે. આ વોર્ડ વર્ષોથી ભાજપનો મજબૂત ગઢ રહ્યો છે, પરંતુ વધતી જતી વસ્તી અને પરપ્રાંતીય મતદારોના કારણે રાજકીય સમીકરણો હંમેશા રસપ્રદ રહે છે. વર્ષ-2021ની ચૂંટણીમાં અહીં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો, પરંતુ આમ આદમી પાર્ટીએ પણ લિંબાયત અને પરવટના અમુક વિસ્તારોમાં મતો મેળવીને પોતાની હાજરી નોંધાવી હતી. ખાસ કરીને પરવટ અને કુંભારીયાના રહેણાંક વિસ્તારોમાં ભાજપને મોટી લીડ મળી હતી. ભાજપના વિજય પાછળ અહીં વસતા રાજસ્થાની મહારાષ્ટ્રીયન અને હિન્દી ભાષી મતદારોનો મોટો ફાળો રહ્યો હતો. અગાઉ અહી કુલ 96,335 અને 91 બુથ હતા પરંતુ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 67,622 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 78 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના અમિતા પટેલ, દર્શિની કોઠીયા, સ્વ. ગેમર દેસાઈ અને દિનેશ રાજપુરોહિત જીત્યા હતા. પેટા ચુંટણીમાં પણ સ્વ. ગેમર દેસાઈની જગ્યાએ જીતુ કાછડ જીતી આવ્યા હતા. બીજા નંબરે કોંગ્રેસના ઉમેદવારો રહ્યા હતા અને આપ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 87,448 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 41,033 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 46,415 મતોનું અંતર હતું

જાતિગત સમીકરણ

- વોર્ડ નં.18માં જ્ઞાતિગત અને ભાષાકીય સમીકરણો સુરતના અન્ય વોર્ડ કરતાં સાવ અલગ છે. અહીં પરપ્રાંતીય મતદારોનું વર્ચસ્વ સૌથી વધુ છે.
- **પરપ્રાંતિય મતદારો :** લિંબાયત અને તેની આસપાસની સોસાયટીઓમાં મરાઠી ભાષી લોકોની મોટી વસતી છે, ઉપરાંત રાજસ્થાની, યુપી-બિહારની મીશ્ર વસતી છે. પરવટ અને કુંભારીયાના નવા વિકસિત વિસ્તારોમાં પાટીદાર અને રાજસ્થાની વેપારી પરિવારો વસેલા છે, જેઓ આર્થિક અને સામાજિક રીતે પ્રભાવશાળી છે. વોર્ડના અમુક સીમાવર્તી વિસ્તારોમાં મુસ્લિમ મતદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે, જેઓ વિરોધ પક્ષો માટે થોડી આશા ઉભી કરે છે.

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારઃ 35,965
સ્ત્રી મતદારઃ 31,651
કુલ મતદારઃ 67,622

આ વિસ્તારની મુખ્ય સમસ્યાઓ

ભાજપે આ વિસ્તારમાં ફલાયઓવર અને પેવર બ્લોકના કામો દ્વારા પકડ મજબૂત કરી છે, પરંતુ લિંબાયત અને આસપાસના ખાડી કિનારાના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભરાતા પાણી અને ગંદકીની સમસ્યા સૌથી મોટી છે. સાંકડી ગલીઓમાં ટ્રાફિકની સમસ્યા અને જૂની ડ્રેનેજ લાઈનો વારંવાર ચોકઅપ થવાના પ્રશ્નોથી સ્થાનિકો પરેશાન છે. આ ઉપરાંત પરવટ અને કુંભારીયાના છેવાડાના વિસ્તારોમાં સફાઈ અને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો છે. મેટ્રો અને બ્રિજના ચાલતા કામોને કારણે મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે અને રખડતાં ઢોરનો ત્રાસ પણ અહીંની મુખ્ય સમસ્યાઓમાંની એક છે.

ભૌગોલિક સ્થિતિ

લિંબાયત વિસ્તારના ગોડાદરાના છેડાથી લઈને મોડેલ ટાઉન, પરવટ પાટિયા, કુંભારીયા ગામ અને કડોદરા રોડના ડાબી તરફના વિસ્તારો. આ વોર્ડમાં નિલગિરી સર્કલ, મહારાણા પ્રતાપ ચોક, આસપાસ નગર, પરવટ ગામ અને કુંભારીયાનો સમાવેશ થાય છે. આ વિસ્તાર એક તરફ ઉધના અને બીજી તરફ ગોડાદરા તેમજ પુણા વિસ્તારની સરહદોને સ્પર્શે છે.